Extra No. 263

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

વંચાણમાં લીધુ :-

- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા.૦૧/૦૪/૨૦૨૬ ની અખબારી યાદી ક્રમાંક ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦૨૬/૯૬૪૭ થી ૯૭૬૧

નં. ડીસી/સ્થા.સ્વ.ચું.૨૦૨૬/વશી.૩૫૩૧ થી ૩૫૪૮/૨૦૨૬:- આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય / વિભાજન / મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા (કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ પૂર્ણ થનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આપેલ સૂચના મુજબ પોલીંગ એજન્ટ દ્વારા મતદાનના કલાકો દરમિયાન મતદાર યાદી મતદાન મથકની બહાર લઇ જવા પર નિયંત્રણ રાખવા સૂચના આપેલ છે.

વાસ્તે હું રવિન્દ્ર ખતાલે, આઈ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી યોજાનાર વિસ્તારોમાં નીચે મુજબની પ્રવૃતિઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

- પોલીંગ એજન્ટને મતદાનના કલાકો દરમ્યાન માર્ક કરેલ મતદાર યાદી મતદાન મથકની બહાર કોઈ પણ સંજોગોમાં લઈ જવા દેવામાં આવશે નહી.
- પ્રિસાઈડીંગ અધિકારીને મતદાર યાદી હાથમાં સોપ્યા બાદ જ મતદાન મથક છોડવાની છૂટ આપવામાં આવશે.

આ હુકમ ગાંધીનગર જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમ મતદાનના દિવસે એટલે કે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાનની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

રવિન્દ્ર ખતાલે,

જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.04.20 14:54:47 IST